GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ મીડિયા,ફિલ્મ અને સાહિત્ય

રાઠોડ હરિતાબેન વાસુદેવ
સંશોધન શોધછાત્ર
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢ.
rathodharita2191@gmail.com
Mob – 9726333838

સારાંશ:

ડિજિટલ માધ્યમો સાહિત્ય અને ફિલ્મને વધુ લોકપ્રિય, ઝડપી અને વૈશ્વિક બનાવે છે. છતાં, ચિંતાઓ જેમ કે Piracy અને ગુણવત્તાવાળી સામગ્રીની શોધ પડકારરૂપ છે. છતાં, આ ત્રિપાડીનો સંવાદ (ડિજિટલ મીડિયા, ફિલ્મ અને સાહિત્ય) ભવિષ્યમાં સર્જનાત્મકતામનો નવો અધ્યાય લખી શકે છે.

ચાવીરૂપ શબ્દો:

ડિજિટલ મીડિયા, સાહિત્ય, ફિલ્મ,ઈ- બુક, સોશિયલ મીડિયા,વૈશ્વિકરણ, ગુજરાતી સાહિત્ય, સંસ્કૃતિ ટેકનોલોજી, નવી પેઢી,કન્ટેન્ટ ક્રિએશન,મીડિયા અભ્યાસ.

પ્રસ્તાવના:

ડિજિટલ યુગે માનવ જીવનના દરેક ક્ષેત્રમાં ક્રાંતિ લાવી છે. એમાંય ખાસ કરીને મીડિયા, ફિલ્મ અને સાહિત્ય જેવા ક્ષેત્રોમાં ડિજિટલ ટેકનોલોજીનો વ્યાપક પ્રભાવ જોવા મળે છે. પહેલા સાહિત્યનું ચલણ ફક્ત છાપખાના, સમાચારપત્રો, ગ્રંથાલયો સુધી સીમિત હતું,અને ફિલ્મ ફક્ત સિનેમા ઘર કે ટેલિવિઝન સુધી સીમિત હતી.પરંતુ ૨૧મી સદીમાં ડિજિટલ યુગનો પ્રારંભ થયો જેમાં ઈન્ટરનેટ, કોમ્પ્યુટર, સોશિયલ મીડિયા જેવા સાધનોથી સાહિત્ય અને ફિલ્મ વચ્ચેનો સંબંધ ગાઢ બની ગયો.માનવ ઈતિહાસ સાબિત કરે છે કે, સંસ્કૃતિ હંમેશા સંચારના સાધનો સાથે ગાઢ રીતે જોડાયેલી રહે છે. મૌખિક અભિવ્યક્તિની પરંપરાથી શરૂ થયેલી કથાવસ્તુઓ આગળ ચાલીને લેખનકાળા, છાપખાના ત્યારબાદ ફિલ્મના માધ્યમ સુધી પહોંચી ગઈ છે. આધુનિક સમયમાં ફિલ્મનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. એટલે જ સાહિત્ય અને ફિલ્મ માનવ અભિવ્યક્તિના બે સશક્ત સ્વરૂપો તરીકે સાંપ્રત સમયમાં ઊભરી આવ્યાં છે, જેમાં સાહિત્ય, વિચારોને શબ્દરૂપે રજૂ કરે છે, જ્યારે ફિલ્મ તેને દ્રશ્ય રૂપે જીવંત બનાવે છે.

ડિજિટલ મીડિયાના માધ્યમથી સાહિત્યકારો તેમના સાહિત્યને સોશિયલ મીડિયાના માધ્યમથી સાહિત્યનો પ્રચાર- પ્રસાર કરી રહ્યાં છે જે તેમના માટે ખૂબ સરળ બન્યું છે. આમ ફિલ્મ માટે પણ સોશિયલ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

મીડિયા ડિજિટલ માધ્યમ ખૂબ ઝડપી અને પ્રભાવક બન્યું છે. દિગ્દર્શક તેમની ફિલ્મ OTT અને YOUTUBE જેવા પ્લેટફોર્મ્સ પર સીધું જ પોતાની ફિલ્મને દર્શકો સુધી પહોંચાડી શકે છે. પહેલા ફિલ્મ નિર્માતાને પોતાની ફિલ્મને સિનેમા હોલમાં પ્રદર્શિત કરવી પડતી આ સિસ્ટમ મોંઘી અને મર્યાદિત હતી. અને ગુજરાતી સાહિત્ય પરથી બનેલી ફિલ્મ જે શોર્ટ સ્ટોરી હોય તેને વિશાળ દર્શકવર્ગ સુધી પહોંચાડવામાં મુશ્કેલી અનુભવાતી હતી. આમ ડિજિટલ પરિવર્તનથી ફિલ્મ ઉદ્યોગમાં ક્રાંતિ આવી ફિલ્મનું નિર્માણ, સંપાદન,વિતરણ, પ્રદર્શન બધું જ ડિજિટલ માધ્યમ દ્વારા શક્ય બન્યું.

સાહિત્ય અને ફિલ્મ વચ્ચેનો સંબંધ:

આપણે સૌ જાણીએ છીએ કે, સાહિત્યનો સમાજ ઉપર વ્યાપક અને ગહન પ્રભાવ છે. માનવજીવન અને માનવસંસ્કૃતિને દિશા આપવાનું કામ સાહિત્યએ ખૂબ જ અસરકારક રીતે કર્યું છે.એટલે જ સાહિત્ય અને સમાજ એકબીજાના પૂરક બન્યાં છે. સમય જતાં સાહિત્યથી પ્રભાવિત થઈને તેના આધારી અનેક ફિલ્મો બની જેને માનવજીવનમાં સાહિત્ય કરતાં બમણી અસર કરી. સાહિત્યને ઉચ્ચ શિખરે લઈ જવાનું અને તેનું ગૌરવ કરવાનું ભગીરથ કાર્ય સાહિત્ય પરથી બનેલી ફિલ્મોએ કરી બતાવ્યું. બંને કલા સર્જનની પ્રક્રિયા અને તેના ઘટકો જુદા– જુદા હોવા છતાં બંને કળાએ પોતપોતાની રીતે માનવજીવનને પોષવાનું અને તેના કલાજગતમાંથી સૌંદર્ય અને આનંદની અનન્ય અનુભૂતિ કરાવવાનું કાર્ય કર્યું છે. જેમકે,

- સાહિત્યને કથાવસ્તુ,પાત્રો, સંવાદો, જીવંત બનાવે છે.
- ફિલ્મ એ સાહિત્યને દશ્ય સ્વરૂપે જીવંત બનાવે છે.

ઉદાહરણ :

માનવીની ભવાઈ– (ગુજરાતી નવલકથા– ગુજરાતીફિલ્મ)
સરસ્વતીચંદ્ર – (ગુજરાતી નવલકથા– ગુજરાતી ફિલ્મ)
ધાડ – (ગુજરાતી વાર્તા– ગુજરાતી ફિલ્મ)

આમ ગુજરાતી સાહિત્ય જેમાં નોવલકથા, નાટક, વાર્તા જેવા સાહિત્ય પરથી અનેક ફિલ્મો પ્રકાશિત થાય છે.

સાહિત્ય પરથી બનેલી ફિલ્મ દ્રશ્યકારો ફિલ્મને જોયા પછી સાહિત્યને નવા વાચકો મળે છે કારણ કે, ફિલ્મ જોયા પછી લોકો મૂળ કૃતિનું વાંચન કરે છે.

ડિજિટલ મીડિયાનો પ્રભાવ:

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

આજકાલ મનુષ્ય ઉપર સૌથી જાદુઈ પ્રભાવ કોઈને પાડ્યો હોય તો તે છે ડિજિટલ મીડિયા. તેના અવિવેકી ઉપયોગના કારણે તેના ગેરલાભ પણ ભોગવવા પડ્યા છે તો બીજું બાજુ તેના સમજ અને વિવેકપૂર્વકના ઉપયોગથી આજે મનુષ્ય વિકાસના ઉચ્ચ શિખરો સર કરી રહ્યો છે.

સાહિત્ય અને ફિલ્મની સમીક્ષાઓ તરત જ YOUTUBE, INSTAGRAM REELS પર ઉપલબ્ધ જોવા મળે છે.

જેમાં વાચકો પોતાનો ફીડબેક સીધો જ કમેન્ટ બોક્સમાં આપે છે.

લેખક પોતાનું પુસ્તક સીધું જ KINDLE પર પ્રકાશિત કરી શકે છે ફિલ્મ મેકર પોતાની શોર્ટ ફિલ્મ YOUTUBE પર મૂકી શકે છે જેમાં કવિ નર્મદ ઝવેરચંદ મેઘાણી જેવા ઘણા ગુજરાતી લેખક કોના પુસ્તકો KINDLE પર જોવા મળે છે

E - BOOK દ્વારા દુનિયાના કોઈપણ ખૂણેથી વાચકોને ગુજરાતી સાહિત્ય વાંચવાની તક મળે છે જેમાં GOOGLE બોક્સ પર અનેક ગુજરાતી નવલકથાઓ ઉપલબ્ધ છે

AUDIO BOOK જેમાં નવલકથાઓ અવાજ સ્વરૂપે ઉપલબ્ધ જોવા મળે છે કામકાજ કરતા વ્યક્તિઓ માટે આ અત્યંત સુવિધાજનક છે. TWITTER પર '૧૦૦ શબ્દોની વાર્તા' જેવી પ્રવૃતિઓ યુવા પેઢીને સાહિત્ય સાથે જોડે છે. PRATILIPI જેમાં ગુજરાતી , હિન્દી અને અન્ય ભાષાઓમાં લાખો વાર્તાઓ જોવા મળે છે.

આમ, ડિજિટલ માધ્યમથી સર્જકોને નવી તકો મળે છે જેમાં પ્રકાશક પર આધાર રાખવો પડતી નથી. ડિજિટલ માધ્યમથી સીધુજ વાચકો સુધી પીરસવામાં આવે છે જેમાં વૈશ્વિક સ્તરે વાચકો સાથે જોડાવાની તક મળે છે. વાચકોનો તરત પ્રતિસાદ મળે છે. ભારતીય સાહિત્ય હવે ભારત પૂરતું જ મર્યાદિત નથી પરંતુ અમેરિકા, આફ્રિકામાં રહેતા ગુજરાતી વાચકો KINDLE પરથી તરત ખરીદી શકે છે.

હાલના સમયમાં AI ( ARTIFICIAL INTELLIGENCE) નું મહત્વ ખૂબ પ્રચલિત છે.AI સ્ક્રિપ્ટ રાઈટિંગમાં મદદ કરે છે. ડાયલોગ જનરેટ કરી શકે છે. ગુજરાતી નવલકથાઓને AI વડે અંગ્રેજીમાં અનુવાદ કરવાથી તે આંતરરાષ્ટ્રીય વાચકો સુધી પહોંચી શકે છે. ફિલ્મોમાં AI વડે ઓછા બજેટમાં સારી ગુણવત્તાની VFX તૈયાર કરી શકાય જે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને ફાયદાકારક છે.AI સાહિત્યમાં સર્જન, અનુવાદ અને વિશ્લેષણમાં સહાયરૂપ થાય છે. AI દ્વારા લખાયેલી વાર્તા વાંચીને વાચક વિચારે છે કે " શું આ માનવીય રચના જેવી લાગણીસભર છે?

સાહિત્યમાં AI:

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સાહિત્ય શબ્દો, ભાષા અને કલ્પનાની કલા છે. AI દ્વારા લખાયેલી વાર્તાઓ, નવલકથા જેવા સાહિત્યો માનવીય સર્જનાની જેમજ દેખાય છે પરંતુ તેમાં લાગણીઓ અને માનવીય અનુભૂતિનો અભાવ રહે છે.AI દ્વારા લખાયેલી નવલકથા રસપ્રદ હોય છે પરંતુ તેમાં માનવીય આત્માનો અભાવ વર્તાય છે.

ફિલ્મમાં AI:

ફિલ્મ દ્રશ્ય અને અવાજ પર આધારિત હોવાથી AI તેને વધુ વાસ્તવિક અને ચમત્કૃત બનાવે છે જેમાં VFX જેવી ટેક્નોલોજી ફિલ્મને નવા યોગમાં લઈ ગઈ છે. AI આધારિત બનાવેલી ફિલ્મમાં અભિનેતાઓને યુવાન બતાવવાની તકનીક આપવામાં આવે છે.

આમ સાહિત્ય અને ફિલ્મમાં AI નું ચલણ વધતું જાય છે. ડિજિટલ મીડિયા, ફિલ્મ અને સાહિત્ય એકબીજાને પૂરક છે. ડિજિટલ યુગે સાહિત્યને વૈશ્વિક બનાવ્યું છે. ફિલ્મોને ટેક્નોલોજીકલી અદ્યતન બનાવ્યું છે.અને AI એ બંને ક્ષેત્રોમાં નવી દિશાઓ આપી છે. જો આનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો ડિજિટલ માધ્યમો ભવિષ્યના સાહિત્ય અને ફિલ્મ માટે અવિસ્મરણીય દિશા આપશે.

સંદર્ભસૂચિ

(૧) ગુજરાતી સાહિત્ય પરિષદ, પરબ સામાયિક (વિભિન્ન અંક), અમદાવાદ.
(૨) પટેલ ,કમલેશ, ડિજિટલ યુગમાં ગુજરાતી સાહિત્ય, અમદાવાદ, અકાદમી પબ્લિકેશન,૨૦૧૮.
(૩) ગુજરાતી લાઇબ્રેરી ડિજિટલ પ્રોજેક્ટ, ગુજરાતી સાહિત્યનો ડિજિટલ સંગ્રહ,નાગરિક લાઇબ્રેરી, અમદાવાદ.
(૪) પ્રતિલિપિ (pratilipi.com),માતૃભારતી (matrubharti.com) , ડિજિટલ સાહિત્ય પ્લેટફોર્મ.